# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-12-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. અમદાવાદ ગુનાશાખાએ પાત્રતા સિવાયના લોકોને PMJAY કાર્ડ બનાવી આપનારા 6 લોકોની અટકાયત કરી
2. રાજ્યના મુખ્ય શહેરોમાં 17 જગ્યાએ શ્રમિક બસેરા યોજના અંતર્ગત આવાસ તૈયાર કરાશે.
3. ભાવનગરમાં ડમ્પર ટ્રક અને ખાનગી બસના અકસ્માતમાં છ લોકોના મોત , 22થી વધુ લોકો ઇજાગ્રસ્ત
4. ઊંઝા APMCની ચૂંટણીમાં ખેડૂત વિભાગની 10 બેઠકમાં દિનેશ પટેલની પેનલનો વિજય
5. શ્રીરામ જન્મભૂમિ- મા શબરી સ્મૃતિ યાત્રા યોજના અંતર્ગત અયોધ્યા રામમંદિરના દર્શન કરવા ઈચ્છુક યાત્રાળુઓ 31 ડિસેમ્બર સુધી નોંધણી કરાવી શકશે
6. આગામી 48 કલાક દરમિયાન કચ્છ સહિત રાજ્યના કેટલાક ભાગોમાં શીતલહેરની આગાહી

---------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AHD PMJAY KAUBHAND

અમદાવાદ ગુના શાખાએ પાત્રતા સિવાયના લોકોને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના- PM-JAY કાર્ડ બનાવી આપનારા 6 લોકોની અટકાયત કરી છે. ગુના શાખા આવતીકાલે આ તમામ લોકોને અમદાવાદની મેટ્રો અદાલતમાં રજૂ કરી શકે છે.

અટકાયત કરાયેલા લોકોએ અત્યાર સુધીમાં ત્રણ હજાર જેટલા PM-JAY કાર્ડ બનાવ્યા છે. ઉપરાંત ખ્યાતિ હૉસ્પિટલના 100 જેટલા કાર્ડ બનાવવામાં આવ્યા છે. આ સમગ્ર કૌભાંડ અંગે અમદાવાદ ગુનાશાખાના સંયુક્ત પોલીસ કમિશનર શરદ સિંઘલે માહિતી આપી હતી.

**(બાઈટ- શરદ સિંઘલ, સંયુક્ત પોલીસ કમિશનર, અમદાવાદ ગુનાશાખા)**

--------------

# SHRAMIK BASERA YOJNA

અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ અને વડોદરામાં 17 જગ્યાએ શ્રમિક બસેરા યોજના અંતર્ગત આવાસ તૈયાર કરાશે.

આ યોજના અંતર્ગત ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બૉર્ડના નોંધાયેલા બાંધકામ શ્રમિકોને વ્યક્તિદીઠ 5 રૂપિયાના ટોકન દરે હંગામી આવાસ મળી રહેશે. જ્યારે લાભાર્થી શ્રમિકના છ વર્ષ કે તેથી ઓછી

વયના બાળકો માટે ભાડું લેવામાં નહીં આવે. આ ઘર તૈયાર થતાં 15 હજારથી વધુ શ્રમિકોને લાભ થશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગત જુલાઈ મહિનામાં આ યોજના અંતર્ગત ચાર શહેરોમાં કુલ 17 જગ્યાએ આવાસનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ યોજનાના અમલીકરણ માટે શ્રમિક બસેરા યોજનાના પોર્ટલનું અનાવરણ કરાયું છે. તેના માધ્યમથી શ્રમિકોને આવાસની ફાળવણી કરાશે.

--------------

## BHAVNAGAR ACCIDENT

ભાવનગરમાં ડમ્પર ટ્રક સાથે ખાનગી બસ અથડાતા સર્જાયેલા અકસ્માતમાં છ લોકોના મોત નીપજ્યા છે. ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, ત્રાપજ પાસે રાજમાર્ગ પર બંધ હાલતમાં એક ડમ્પર ટ્રક ઊભી હતી. દરમિયાન ખાનગી બસ તેની સાથે અથડાતા 6થી વધુ લોકોના મોત થયાની આશંકા છે. જ્યારે 22થી વધુ ઈજાગ્રસ્તોને સારવાર માટે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની જાણ થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા એક્સ પર આ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કર્યો હતો.  અને ઈજાગ્રસ્તે ઝડપથી સાજા થાય તે માટે પ્રાર્થના કરી હતી.

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા, કેન્દ્રીય રાજ્યમંત્રી નીમુબેન બાંભણિયાએ પણ અકસ્માત અંગે શોક વ્યક્ત કર્યો હતો.

-----------------------------------

## RAJYAPAL PRAKRUTIK KHETI

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ખેડૂતોને ભય રાખ્યા વિના પ્રાકૃતિક ખેતી અપનાવવા અપીલ કરી છે. ગાંધીનગર જિલ્લાના ભાદોલ ગામમાં જિલ્લા તંત્ર અને આત્મા પ્રોજેક્ટ દ્વારા યોજાયેલા પ્રાકૃતિક કૃષિ સંવાદ કાર્યક્રમમાં ખેડૂતોએ પણ શ્રી દેવવ્રતને પ્રાકૃતિક ખેતી કરવાની ખાતરી આપી હતી.

શ્રી દેવવ્રતે કહ્યું, 'આત્મા પ્રોજેક્ટ દ્વારા સમગ્ર રાજ્યમાં ગામેગામ નિષ્ણાત તાલીમ શિક્ષક દ્વારા પ્રાકૃતિક ખેતી પદ્ધતિની તાલીમ વિનામૂલ્યે આપવામાં આવી રહી છે.' શ્રી દેવવ્રતે સરપંચોને ખેડૂતોના કલ્યાણ માટે આગળ આવવા અને તમામ ખેડૂતો પ્રાકૃતિક ખેતપદ્ધતિની તાલીમ લે તેવા પ્રયાસ કરે તેવી પણ અપીલ કરી છે.

### (બાઇટ – આચાર્ય દેવવ્રત, રાજ્યપાલ)

--------------

## UNJHA APMC ELECTION

મહેસાણામાં ઊંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ- APMCની ચૂંટણીમાં ખેડૂત વિભાગની 10 બેઠકમાં દિનેશ પટેલની પેનલનો વિજય થયો છે. મહેસાણાના અમારા પ્રતિનિધિએ આ અંગે માહિતી આપી હતી.

### (વૉઈસકાસ્ટઃ જયંતિ ચૌધરી, પીટીસી, મહેસાણા)

--------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

..................................

## AYODHYA DARSHAN

અયોધ્યા રામમંદિરના દર્શન કરવા ઈચ્છુક યાત્રાળુઓ આગામી 31 ડિસેમ્બર સુધીમાં yatradham.gujarat.gov.in/SRJApplicantRegistration વેબસાઈટ પર ઑનલાઈન નોંધણી કરાવી શકશે. ઉપરાંત 99784 12284 નંબર પર ફોન કરી અરજી અંગે માહિતી મેળવી શકશે. આ માટે રાજ્ય સરકાર દ્વારા શ્રીરામ જન્મભૂમિ- મા શબરી સ્મૃતિ યાત્રા યોજના અંતર્ગત વિશેષ આયોજન કરાયું છે, તેમ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

યાત્રાળુઓએ પોતાની અરજીમાં યાત્રાની તારીખ, યાત્રાળુઓની સંખ્યા, યાત્રાની શરૂઆત તથા પૂર્ણ થયાનું સ્થળ, અરજી તારીખ, અરજી કરનારની સહી. ફોન કે મૉબાઈલ નંબર, ઈ-મેઈલ આઈડી અંગેની સ્પષ્ટતા કરવી પડશે. તેમજ અરજી સાથે આધારકાર્ડ, જાતિ પ્રમાણપત્ર, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, બેંકની વિગતોની "સ્વપ્રમાણિત નકલ જોડવી પડશે. ઉપરાંત ગુજરાત પવિત્ર યાત્રાધામ

**વિકાસ બૉર્ડની ગાંધીનગરની કચેરી ખાતે ટપાલ દ્વારા મોકલાયેલી અરજી પણ સ્વીકારવામાં આવશે. આ અરજી પ્રવાસની તારીખના 10 દિવસ પહેલા કરવાની રહેશે.**

------------------------------------

## WEATHER

રાજ્યના હવામાન વિભાગે આગામી 48 કલાક કચ્છમાં શીતલહેરની આગાહી વ્યક્ત કરી છે. જ્યારે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીનું જોર યથાવત્ રહેવાની શક્યતા છે.

રાજ્યમાં આગામી પાંચ દિવસ શુષ્ક વાતાવરણની સાથે તાપમાન યથાવત્ રહેશે. ઉપરાંત દક્ષિણ ગુજરાતના ભાગોમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં સામાન્ય વધારો થતાં ઠંડીનું જોર ઘટશે. આ અંગે હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે માહિતી આપી હતી.

**(બાઈટઃ રામાશ્રય યાદવ, વૈજ્ઞાનિક, હવામાન વિભાગ)**

આ તરફ નવસારી જિલ્લામાં લઘુત્તમ તાપમાન 10.6 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું છે.

--------------

## AHMEDABAD DRUGS

ડિરેક્ટૉરેટ ઑફ રેવન્યૂ ઇન્ટેલિજેન્સ DRIએ અમદાવાદ હવાઈમથક પરથી 15 કિલો માદકપદાર્થ સાથે આંતરરાષ્ટ્રીય દાણચોરોને પકડી પાડ્યા છે. DRI અમદાવાદ પ્રાદેશિક એકમના અધિકારીઓએ બેંગકોકથી અમદાવાદના હવાઈમથક પર આવતા ભારતીય નાગરિકને અટકાવતાં તેની પાસેથી નવ કરોડ રૂપિયાનો 9.2 કિલો માદકપદાર્થ મળ્યો હતો. જ્યારે અન્ય એક ઑપરેશનમાં DRIએ કસ્ટમ વિભાગ સાથે મળી અમદાવાદ હવાઈમથક પર 6 કિલો માદકપદાર્થ સાથે એક થાઈ નાગરિકની ધરપકડ કરી હતી.

જ્યારે ધરપકડ કરાયેલા NDPS કાયદાની જોગવાઈ હેઠળ ધરપકડ કરવામાં આવી છે. DRIએ ડ્રગ્સના સ્ત્રોતને શોધવા અને દાણચોરીમાં સામેલ કોઈ સંભવિત નેટવર્કને ઓળખવા વધુ તપાસ હાથ ધરી છે.

--------------

## RAILWAY

પશ્ચિમ રેલવે સાબરમતી-બનારસ વચ્ચે બે જોડી વિશેષ ટ્રેનો દોડાવશે.

મહાકુંભ મેળા-2025 દરમિયાન મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલ્વે દ્વારા સાબરમતી-બનારસ વચ્ચે મહાકુંભ મેળાની સ્પેશિયલની બે જોડી અને અમદાવાદ ડિવિઝન દ્વારા ભાવનગર ટર્મિનસ અને બનારસ વચ્ચે મહાકુંભ મેળાની વિશેષ ટ્રેનો વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, પિંડવાડા, ફલના, અજમેર, જયપુર, ટુંડલા, અને જ્ઞાનપુર રોડ સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી 2-

ટાયર, એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ટ્રેન માટે બુકિંગ 21 ડિસેમ્બર, 2024 થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને કમ્પોઝિશન સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો રેલવે વેબસાઇટની મુલાકાત લઈ શકે છે.

--------------